# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા ૧૯.૦૨.૨૦૧૯

----------------

ગુજરાતના વિકાસને નવી ઉંચાઇઓ પર લઇ જવા માટેના રોડમેપ સમાન આજનું બજેટ સર્વસ્પર્શી, સર્વવ્યાપી અને સર્વહિતકારી બજેટ – શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સંવેદનશીલતા, પારદર્શીતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર સ્તંભને આધાર બનાવી ગુજરાતની વિકાસયાત્રાના નવા આયામો સર કરી રહ્યા

----------------

આજના આ બજેટમાં ૨૦૨૨ સુધીમાં કિસાનોની આવક બમણી કરવાના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના ધ્યેયને સિધ્ધ કરવા માટે અનેક નિર્ણયો લેવામાં આવ્યા છે – શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

ગુજરાતમાં ખેડુતોને ઝીરો ટકા વ્યાજે ધિરાણ આપવામાં આવે છે ત્યારે, ખેડુતોને મળતી વ્યાજસહાય એકસાથે અને સમયસર મળી રહે તે માટે ૫૦૦ કરોડના રિવોલ્વીંગ ફંડ માટેની જોગવાઇ કરવામાં આવી છે
– શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

મા વાત્સલ્ય યોજનામાં સુરક્ષા કવચ ૩ લાખથી વધારી ૫ લાખ તેમજ આવકમર્યાદા પણ ૩ લાખથી વધારી ૪ લાખ કરવામાં આવેલ છે જેનો લાભ અંદાજે વધુ ૧૫ લાખ પરીવારોને થશે. આ માટે મુખ્યમંત્રીશ્રી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રીનો હદયપૂર્વક આભાર – શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

કૃષિ વિકાસ, આરોગ્ય સેવા, યુવા રોજગાર, મહિલા સશક્તિકરણ તેમજ ગરીબ અને મધ્યમ વર્ગની આર્થિક-સામાજીક સુખાકારીને પ્રાધાન્ય આપતું જનહિતલક્ષી બજેટ રજુ કરવા બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન
– શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

ગૃહમાં બજેટ વખતે વિપક્ષના નેતા, કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ સહિત ૫૦ ટકાથી વધુ કોંગ્રેસના ધારાસભ્યોની ગેરહાજરી દર્શાવે છે કે, માત્ર વોટબેંક અને વર્ગવિગ્રહની રાજનીતિ કરતી કોંગ્રેસને ગુજરાતની પ્રજાના કલ્યાણમાં કે ગુજરાતના વિકાસકાર્યોમાં કોઇ રસ કે રૂચી નથી – શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

આજરોજ નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા રજુ થયેલ લેખાનુદાન બજેટ ૨૦૧૯ ને આવકારતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતના વિકાસને નવી ઉંચાઇઓ પર લઇ જવા માટેના રોડમેપ સમાન આજનું બજેટ સર્વસ્પર્શી, સર્વવ્યાપી અને સર્વહિતકારી બજેટ છે.

..૨..

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી ગુજરાતની વિકાસયાત્રાને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સંવેદનશીલતા, પારદર્શીતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર સ્તંભને આધાર બનાવી વિકાસના નવા આયામો સર કરી રહ્યા છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આજના આ બજેટમાં ૨૦૨૨ સુધીમાં કિસાનોની આવક બમણી કરવાના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના ધ્યેયને સિધ્ધ કરવા માટે અનેક નિર્ણયો લેવામાં આવ્યા છે. ગુજરાતમાં ખેડુતોને ઝીરો ટકા વ્યાજે ધિરાણ આપવામાં આવે છે ત્યારે, ખેડુતોને મળતી વ્યાજસહાય એકસાથે અને સમયસર મળી રહે તે માટે ૫૦૦ કરોડના રિવોલ્વીંગ ફંડ માટેની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યના ખેડુતોને ખેતી માટેની તમામ પ્રાથમિક સુવિધાઓ જેવી કે, સિંચાઇની પુરતી સગવડ, વૈજ્ઞાનિક ઢબે જરૂરી માહિતી, સુધારેલા બિયારણો અને પુરતા પ્રમાણમાં વીજપુરવઠો ઉપલબ્ધ કરાવેલ છે. સૌની યોજનાના બીજા તબક્કા હેઠળ જામનગર શહેર માટે રણજીત સાગર ડેમ, ભાવનગર શહેર માટે શેત્રુંજી ડેમ અને રાજકોટ શહેર માટે ન્યારી-૧ ડેમ સહિત ૩૫ જળાશયો અને ૧૦૦ કરતા વધુ ચેકડેમો ભરવાનું આયોજન પણ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાત તેમજ આદીવાસી વિસ્તારો માટે પણ જળાશય આધારીત સિંચાઇ યોજનાઓનું આયોજન કરવામાં આવેલ છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જાહેર કરેલ આયુષ્યમાન ભારત યોજના દ્વારા ગરીબો અને મધ્યમ વર્ગના નાગરિકોને પાંચ લાખ રૂપિયા સુધીની આરોગ્ય સુરક્ષા પુરી પાડવામાં આવે છે. ગુજરાતમાં પણ મા વાત્સલ્ય યોજના અંતર્ગત અત્યાર સુધી લાભાર્થી પરીવારોને ૩ લાખનું સુરક્ષા કવચ પુરુ પાડવામાં આવી રહ્યુ હતુ ત્યારે ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગની લાગણી અને માંગણીને આધારે ભાજપાના પ્રદેશ અધ્યક્ષને નાતે મારા દ્વારા પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને આ રકમ વધારવા માટેની રજુઆત કરવામાં આવેલ હતી, તે અનુસંધાને આ બજેટમાં મા વાત્સલ્ય યોજનામાં સુરક્ષા કવચ ૩ લાખથી વધારી ૫ લાખ કરવામાં આવ્યુ છે તેમજ આવકમર્યાદા પણ ૩ લાખથી વધારી ૪ લાખ કરવામાં આવેલ છે જેનો લાભ અંદાજે વધુ ૧૫ લાખ પરીવારોને થશે. આ માટે હું મુખ્યમંત્રીશ્રી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રીનો હદયપૂર્વક આભાર માનુ છું.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આજના બજેટમાં વિધવા બહેનના માસિક પેન્શનમાં વધારો, આશા ફેસીલીટેટર બહેનોના મહેનતાણામાં માસિક ૨૦૦૦ રૂપિયાનો વધારો, આંગણવાડી બહેનોના માસિક વેતનમાં વધારો, પાકિસ્તાનની જેલોમાં રહેતા માછીમારોના પરીવારોને આપવામાં આવતું દૈનિક નિર્વાહભથ્થું બમણું કરી રૂપિયા ૩૦૦ કરવામાં આવ્યુ વગેરે જેવા અનેક સંવેદનશીલ નિર્ણયો દ્વારા ભાજપા સરકારે આ બજેટમાં તમામ વર્ગોની ચિંતા કરી છે.

કૃષિ વિકાસ, આરોગ્ય સેવા, યુવા રોજગાર, મહિલા સશક્તિકરણ તેમજ ગરીબ અને મધ્યમ વર્ગની આર્થિક-સામાજીક સુખાકારીને પ્રાધાન્ય આપતું જનહિતલક્ષી બજેટ રજુ કરવા બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

કોંગ્રેસની નિષ્ક્રિયતા અને અસંવેદનશીલતાને ખુલ્લી પાડતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આજે ગુજરાતની પ્રજાની સુખાકારી અને સર્વાંગી વિકાસ માટેનું બજેટ ગૃહમાં રજુ થઇ રહ્યુ હતુ ત્યારે, ચર્ચામાં ભાગ લેવાને બદલે ગૃહમાં વિપક્ષના નેતા, કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ સહિત ૫૦ ટકાથી વધુ કોંગ્રેસના ધારાસભ્યો ગેરહાજર રહ્યા હતા. જે દર્શાવે છે કે, માત્ર વોટબેંક અને વર્ગવિગ્રહની રાજનીતિ કરતી કોંગ્રેસને ગુજરાતની પ્રજાના કલ્યાણમાં કે ગુજરાતના વિકાસકાર્યોમાં કોઇ રસ કે રૂચી નથી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા ૧૯.૦૨.૨૦૧૯

----------------

**આવતીકાલે કેન્દ્રીય રેલ રાજયમંત્રી તથા કેન્દ્રીય સંચાર મંત્રી (સ્વતંત્ર હવાલો), શ્રી મનોજ સિંહા ગુજરાતની મુલાકાતે**

----------------

**“ભારત કે મન કી બાત” કાર્યક્રમ અંતર્ગત સાણંદ ખાતે કામદારો તથા ઉદ્યોગ સાહસિકોને મળશે**

----------------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આવતીકાલે કેન્દ્રીય રેલ રાજયમંત્રી તથા કેન્દ્રીય સંચાર મંત્રી (સ્વતંત્ર હવાલો), શ્રી મનોજ સિંહા ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે.

શ્રી મનોજ સિંહા બપોરે ૧.૦૦ વાગ્યે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે પત્રકાર પરિષદને સંબોધશે. ત્યારબાદ ૨.૦૦ વાગ્યે સાણંદ ખાતે જવા રવાના થશે.

સાણંદમાં “રવિરાજ ફોઈલ્સ” ફેક્ટરી ખાતે તેઓ આસપાસના જી.આઈ.ડી.સી.નાં કામદારો, કારખાનેદારો તથા કાર્યકર્તાઓને “ભારત કે મન કી બાત - મોદીજી કે સાથ” કાર્યક્રમ અંતર્ગત મળશે અને વાર્તાલાપ કરશે. ત્યારબાદ તેઓ સાણંદ જી.આઈ.ડી.સી.નાં ઉદ્યોગ સાહસિકો સાથે મુલાકાત કરીને તેમના સૂચનો મેળવશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા ૧૯.૦૨.૨૦૧૯

----------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર તથા સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની ઉપસ્થિતિમાં આવતીકાલે તારીખ ૨૦ ફેબ્રુઆરીએ અમરેલી તથા ધોરાજી(રાજકોટ) ખાતે લોકસભા બેઠકોના ક્લસ્ટર સંમેલનો યોજાશે**

----------------

**અમરેલી ખાતે સવારે ૧૦.૦૦ કલાકે અમરેલી અને ભાવનગર લોકસભા બેઠકોનું ક્લસ્ટર સંમેલન યોજાશે**

----------------

**ધોરાજી(રાજકોટ) ખાતે બપોરે ૩.૦૦ કલાકે જામનગર, પોરબંદર અને જુનાગઢ લોકસભા બેઠકોનું ક્લસ્ટર સંમેલન યોજાશે**

----------------

પ્રદેશ ભાજપા મીડિયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં આવતીકાલે તારીખ ૨૦ ફેબ્રુઆરીએ અમરેલી તથા ધોરાજી(રાજકોટ) ખાતે લોકસભા બેઠકોના ક્લસ્ટર સંમેલનો યોજાશે

જેમાં **ગણેશ પાર્ટી પ્લોટ, લાઠી બાયપાસ રોડ, સહજ સીટીની પાસે, અમરેલી** ખાતે સવારે ૧૦.૦૦ કલાકે અમરેલી અને ભાવનગર લોકસભા બેઠકોનું ક્લસ્ટર સંમેલન યોજાશે તથા **જય પાર્ટી પ્લોટ, આવકાર હોટલની બાજુમાં, જેતપુર રોડ, મુ.ધોરાજી, રાજકોટ** ખાતે બપોરે ૩.૦૦ કલાકે જામનગર, પોરબંદર અને જુનાગઢ લોકસભા બેઠકોનું ક્લસ્ટર સંમેલન યોજાશે.

આ ક્લસ્ટર સંમેલનોમાં લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર, સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા તથા પ્રદેશ અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

આ ક્લસ્ટર સંમેલનોમાં લોકસભા મતવિસ્તારના લોકસભા સીટના પ્રભારી, ઇન્ચાર્જ-સહઇન્ચાર્જશ્રીઓ, લોકસભા સીટના વિસ્તારકો, સંકલન સમિતિના સભ્યશ્રીઓ, પ્રદેશ પદાધિકારીશ્રીઓ, પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ, મંડલ પદાધિકારી, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડેલા ઉમેદવારશ્રીઓ, પ્રદેશ અને જીલ્લા/મહાનગરના મોરચા પદાધિકારીશ્રીઓ, મંડલ મોરચાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, શક્તિકેન્દ્રના ઇન્ચાર્જ-પ્રભારીશ્રીઓ, બોર્ડ-નિગમના પદાધિકારીઓ તથા પૂર્વ સાંસદ-ધારાસભ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ